# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૦ № = 24 તારીખ:

રજી. એ.ડી. દ્વારા

14 FEB 2020

પ્રતિશ્રી,

શ્રી નુરમામદ આમદ શીરૂ,

રે- શીરુવારૂં,

તા- અબડાસા-કોઠારા-કચ્છ,

મોબાઇલ નંબર:-

વિષય:- કેસ નંબર પીજી૦૪/૦૦૨/૨૦૧૯-૨૦

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૨/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, નખત્રાણા

(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, કોઠારા

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-002-2019-20.

| | | |
|---|---|---|
| અરજદાર | : | શ્રી નૂરમામદ આમદ શીરૂ<br>ગામ-શીરુવાંઢ, તા.-અબડાસા , જિ.-કચ્છ. |
| રજૂઆત કરનાર | : | અરજદારશ્રી પોતે હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | | |
|---|---|---|
| સામાવાળા | : | કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી નખત્રાણા. |
| રજૂઆત કરનાર | : | શ્રી એમ. કે. વોરા, કાર્યપાલક ઇજનેરશ્રી,<br>પીજીવીસીએલ વિભાગીય કચેરી નખત્રાણા, નખત્રાણા |

## :: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

| | | |
|---|---|---|
| સુનાવણી સ્થળ | : | કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ. |
| તારીખ | : | ૧૭/૦૧/૨૦૨૦ |

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી નૂરમામદ આમદ શીરૂ, ગામ-શીરુવાંઢ તા.અબડાસા મધ્યેના રહેવાસી છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રીની રજુઆત મુજબ મોજે વીંઝાણ તા.અબડાસા ના સર્વે નં.૬૦/૧ તથા સર્વે નં.૬૪ વાળી ખેતીની જમીનમા ગેરકાયદેસરનું દબાણ કરવામાં આવેલ છે.

૧.3 અરજદારશ્રીની રજુઆત મુજબ સર્વે નં.૬૦/૧ તથા સર્વે નં.૬૪ વાળી સરકારી જમીન ઉપર આધમ આમદ શીરૂ અને રજાક ફઝલ શીરૂ ગામ-શીરુવાંઢ દ્વારા ગેરકાયદેસર રીતે દબાણ કરી ગેરકાયદેસર રીતે ખેતીવાડી વિષયક વીજજોડાણ મેળવેલ છે જેના કારણે ફરિયાદ ઉદ્ ભવેલ છે.

૧.૪ અરજદારશ્રીએ સરકારી જમીન ઉપર ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ દબાણ દુર કરી તેના પર ગેરકાયદેસર મેળવેલ ખેતીવાડી વિષયક વીજજોડાણ ખાલી કરાવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

૧.૫ આમ, અરજદાર દ્વારા સરકારી જમીન ઉપર આધમ આમદ શીરૂ અને રજાક ફઝલ શીરૂ ગામ-શીરુવાંઢ દ્વારા ગેરકાયદેસર રીતે ઉપરોક્ત સર્વે નં.માં કરેલ દબાણ દુર કરી ગેરકાયદેસર રીતે ખેતીવાડી વિષયક વીજજોડાણ માટે રદ કરવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી નૂરમામદ આમદ શીરૂ, ગામ-શીરુવાંઢ તા.અબડાસા મધ્યેના રહેવાસી છે.

૨.૧ અરજદારશ્રીની અરજી અને રજુઆત પ્રમાણે મોજે વીંઝાણ તા.અબડાસા ના સર્વે નં.૬૦/૧ તથા સર્વે નં.૬૪ વાળી ખેતીની જમીન ઉપર આધમ આમદ શીરૂ અને રજાક ફઝલ શીરૂ ગામ-શીરુવાંઢ દ્વારા ગેરકાયદેસર રીતે દબાણ કરવામાં આવેલ છે.

૨.૨ અરજદારશ્રી અરજી અન્વયે સ્થળ ઉપર તપાસતા મોજે વીંઝાણ તા.અબડાસા ના સર્વે નં.૬૦/૧ તથા સર્વે નં.૬૪ વાળી ખેતીની જમીન ઉપર આધમ આમદ શીરૂ અને રજાક ફઝલ શીરૂ ગામ-શીરુવાંઢ ના નામના કોઈ ખેતીવાડી વીજજોડાણ મોજે વીંઝણમાં આવેલ નથી.

૨.3 અરજદારશ્રીની અરજીમાં ફરીયાદીની ફરીયાદમાં માહિતી આપવામાં આવેલ નથી. આમ છતાં ફરીયાદીને આ ફરીયાદ બાબત તપાસ કરવા માટે સાચા નામ સરનામાં આપવા માટે જણાવેલ છે જેથી જે તે વીજજોડાણની યોગ્ય ચકાસણી થઈ શકે.

૨.૪ અરજદારશ્રીની ફરીયાદ આધારે તપાસ કરતા અત્રેની કચેરી દ્વારા નૂરમામદ આમદ શીરૂ,-ગામ-શીરુવાંઢ તા.અબડાસા ના રહેવાસી છે, પરંતુ તેઓનું સદર સર્વે નં.માં કોઈ પણ વીજજોડાણ આવેલું નથી.

૨.૫ અરજદારશ્રી એ જે ફરીયાદ કરેલ છે તે ત્રાહિત વ્યક્તિની ફરીયાદ કરે છે અરજદારશ્રી પોતે ગ્રાહક નથી.

૨.૬ આમ, અરજદારશ્રીનું વીજજોડાણ ન હોવાથી તેઓ કંપનીના ગ્રાહક નથી, માટે ગ્રાહક તરીકે ની કંપનીની સેવામાં કોઈ ખામી રહેવા પામેલ નથી અને ફરિયાદીને ગ્રાહક તરીકે સેવામાં ખામી કે એવી કોઈ ફરિયાદ નથી.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની લેખિત તેમજ સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદાર નૂરમામદ આમદ શીરૂ,-ગામ-શીરુવાંઢ તા.અબડાસા મધ્યે વસવાટ કરે છે.

3.૨ અરજદારશ્રી દ્વારા તેમની અરજીમાં જણાવ્યા પ્રમાણે મોજે વીંઝાણ તા.અબડાસા ના સર્વે નં.૬૦/૧ તથા સર્વે નં.૬૪ વાળી ખેતીની જમીનમા ગેરકાયદેસરનું દબાણ કરવા માં આવેલ છે.

3.3 અરજદારશ્રીના જણાવ્યા પ્રમાણે સરકારી જમીન ઉપર આધમ આમદ શીરૂ અને રજાક ફઝલ શીરૂ ગામ-શીરુવાંઢ દ્વારા ગેરકાયદેસર રીતે ઉપરોક્ત સર્વે નં.માં દબાણ કરી ગેરકાયદેસર રીતે ખેતીવાડી વિષયક વીજજોડાણ મેળવેલ છે.

3.૪ અરજદારશ્રી અરજી અન્વયે સ્થળ ઉપર તપાસતા મોજે વીંઝાણ તા.અબડાસા ના સર્વે નં.૬૦/૧ તથા સર્વે નં.૬૪ વાળી ખેતીની જમીન ઉપર આધમ આમદ શીરૂ અને રજાક ફઝલ શીરૂ ગામ-શીરુવાંઢ ના નામના કોઈ ખેતીવાડી વીજ જોડાણ આવેલ નથી.

3.૫ અરજદારશ્રી નૂરમામદ આમદ શીરૂ,-ગામ-શીરુવાંઢ તા.અબડાસા ના રહેવાસી છે, પરંતુ તેઓએ જે ફરીયાદ કરેલ છે તે ત્રાહિત વ્યક્તિની ફરીયાદ કરે છે, અરજદારશ્રી પોતે ગ્રાહક નથી.

3.૬ આમ, અરજદારશ્રીનું કોઈપણ વીજજોડાણ ન હોવાથી તેઓ કંપનીના ગ્રાહક નથી, માટે ગ્રાહક ની સેવામાં કોઈ જ ખામી રહેવા પામેલ નથી.

3.૮ આમ, અરજદારશ્રીની અરજી દફતરે કરવામાં આવે છે તથા અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

એન. એચ. જોષી
સ્વતંત્ર મેમ્બર

સી.લી. ઠાકર
ચેરપર્સન

PG-04-002-2019-20

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-04-002-2019-20